જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ,સુરત
સ્વપ્નસૃષ્ટિ એપાર્ટમેન્ટ નજીક ,જીઆવ બુડિયા રોડ ,ભેસ્તાન ,સુરત
Phone:: (0261) 2916003,2916040
E-mail: dietsurat@gmail.com Website: www.dietsurat.org

જા .નં : ડાયેટ/ific/innovation/ **2024-25** - 16651 - 20014 તા . **23/12/2024**

પ્રતિ,
આચાર્યશ્રી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ જિ-સુરત
આચાર્યશ્રી, પ્રાથમિક શાળાઓ,તમામ જિ-સુરત

વિષય : વર્ષ 2024-25 એજયુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલના આયોજન બાબત
સંદર્ભ : જીસીઈઆરટી/C&E/2024-25/30621-50/તારીખ23/12/24

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું જીસીઇઆરટી દ્વારા આપના જિલ્લામાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો તેમજ બી.એડ./ડી.એલ.એડ. અધ્યાપકોના ઇનોવેટીવ વિચારોને પ્રોત્સાહન તેમજ પ્રચાર-પ્રસાર મળે તે હેતુસર પ્રતિ વર્ષ રાજ્યમાં એજયુકેશન ઇનોવેશન ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવે છે. ગત વર્ષની જેમ વર્ષ 2024-25માં એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ જિલ્લા કક્ષા, ઝોન કક્ષા તેમજ રાજ્ય કક્ષાએ આયોજન કરવાનું રહેશે. દરેક જિલ્લામાં સમાવિષ્ટ શૈક્ષણિક સંસ્થાઓ (સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી- પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા તેમજ બી.એડ./ડી.એલ.એડ.) શિક્ષકો/અધ્યાપકો માટેના એજયુકેશન ઇનોવેશન ફેસ્ટીવલમાં ભાગ લઇ શકશે.

- દરેક જિલ્લામાં સમાવિષ્ટ શૈક્ષણિક સંસ્થાઓ (સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી-પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા તેમજ બી.એડ./ડી.એલ.એડ.) શિક્ષકો/અધ્યાપકો માટેના એજયુકેશન ઇનોવેશન ફેસ્ટીવલમાં ભાગ લઇ શકશે.

  વર્ષ 2024-25ના એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ માટે નીચે મુજબના ક્ષેત્રોમાં શિક્ષકો/ અધ્યાપકો સહભાગી બની શકશે.

1. NEP 2020, NCF FS, SCF FS અને NCF SE સબંધિત...
   a. ફાઉન્ડેશનલ સ્ટેજ સબંધિત ઇનોવેટીવ અધ્યયન અધ્યાપન પ્રક્રિયા અને મૂલ્યાંકન
   b. જાદુઇ પીટારાનો ઇનોવેટીવ ઉપયોગ
   c. પ્રીપેરેટરી સ્ટેજ સબંધિત ઇનોવેટીવ અધ્યયન અધ્યાપન પ્રક્રિયા અને મૂલ્યાંકન

Scanned with OKEN Scanner

d. મીડલ સ્ટેજ સબંધિત ઇનોવેટીવ અધ્યયન અધ્યાપન પ્રક્રિયા અને મૂલ્યાંકન

e. સેકન્ડરી સ્ટેજ સબંધિત ઇનોવેટીવ અધ્યયન અધ્યાપન પ્રક્રિયા અને મૂલ્યાંકન

f. પાયાના તબક્કા માટેની રાજ્ય અભ્યાસક્રમ રૂપરેખા- SCF FS અને શાળા શિક્ષણ માટેની રાષ્ટ્રીય અભ્યાસક્રમ રૂપરેખા- NCF SEનું શાળામાં અમલીકરણ

g. ઇનોવેટીવ શિક્ષણ પદ્ધતિઓ જેમકે, Field Trips/ STEM / STEAM / STREAM આધારિત શિક્ષણ, ટીમ ટીચિંગ, ક્રોસ કટિંગ અને ઇન્ટર ડિસીપ્લીરી વિષયો (Cross Cutting and Interdisciplinary)

h. શિક્ષણમાં Blended Learning

i. Gifted child/ CwSN વિદ્યાર્થીઓ માટેની Innovative શિક્ષણ / મૂલ્યાંકન પધ્ધતિઓ

j. બહુભાષીવર્ગમાં શિક્ષણ (Teaching in Multilingual Classroom)

2. ડિઝીટલ ટેક્નોલોજી આધારિત

   a. E- Jaadui Pitaraનો ઉપયોગ

   b. Artificial Intelligence (AI)નો શિક્ષણ / મૂલ્યાંકનમાં ઉપયોગ

   c. Social Mediaનો શિક્ષણ / મૂલ્યાંકનમાં ઉપયોગ

3. શાળા વ્યવસ્થાપન / ભાવાવરણ વિકાસ

   a. શિક્ષકો/ વિદ્યાર્થીઓ/ આચાર્યો/વહીવટકર્તાઓના સારા માનસિક સ્વાસ્થ્ય માટેની મનોમાવજત

   b. શાળામાં waste management

   c. અસરકારક શાળા / વર્ગખંડ વ્યવસ્થાપન

   d. શાળા સંસાધનો અને પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ / અધ્યયન સંસાધન (Learning Resource) તરીકે વાલી/સમાજનો ઉપયોગ

4. વિદ્યાર્થીઓનો વ્યાવસાયિક વિકાસ

   a. Public Speaking skill development

   b. Presentation skill development

   c. Leadership skill development

   d. Teaching Financial Literacy

   e. વિવિધ જાહેર પરીક્ષાઓની તૈયારી

5. આ ઉપરાંતના અન્ય શૈક્ષણિક નવતર પ્રયોગો

Scanned with OKEN Scanner

➢ <u>કૃતિ પ્રેઝન્ટેશન માટેના મુદ્દાઓ</u>

(ઇનોવેશનનું શીર્ષક)

1. સમસ્યા:
2. ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :
3. ઇનોવેશન માટેની પ્રયુક્તિ, સાધન સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :
4. નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :
5. મૂલ્યાંકનની વિગતો ( મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુક્તિ વગેરેની વિગત)
6. પરિણામો : (ડેટા સબંધિત -આધાર પુરાવા સાથે)
7. લાભાર્થીની સંખ્યા :
8. આપના ઇનોવેશનનો અમલ અન્ય શાળા દ્વારા કરવામાં આવ્યો હોય તો તેની વિગત :

જેના ભાગ રૂપે ચાલુ વર્ષ 2024-25 માં એજયુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલમાં ભાગ માંગતા તમામે નીચે આપેલ QR code સ્કેન કરી તારીખ 31/12/2024 સુધીમાં એન્ટ્રી નોધાવવાની રહેશે. જે સંદર્ભે આપના તાબા હેઠળ નવતર પ્રયોગો કરનાર શિક્ષકોને જાણ કરવી અને એજયુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલમાં ભાગ લેવા જણાવવું.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
સુરત

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત

પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,સુરત

નકલ સવિનય રવાના જાણ સારૂં :

-નિયામકશ્રી, જીસીઈઆરટી, ગાંધીનગર

નકલ રવાના જાણ તથા અમલ સારૂં :

-- શાસનાધિકારીશ્રી,નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,સુરત કોર્પોરેશન

-સંકુલ કન્વીનરશ્રીઓ તમામ, જિ-સુરત

- લાયઝન અધિકારીશ્રી તમામ સદર કચેરી

- તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,તમામ જિલ્લો-સુરત

- બી./યુ.આર.સી.કો.ઓ.શ્રી,તમામ, જિ-સુરત

Scanned with OKEN Scanner